ગાંધીનગર સમાચાર

**શહેરના મુખ્ય માર્ગોની સ્ટોર્મ વોટર લાઇનનુ કામ હાથ ધરાશે**



આકાશ ગોરંભાયુ - વરસાદની ચાતક નજરે રાહ જોતા ગાંધીનગરવાસીઓ છેલ્લા ત્રણ દિવસથી આકાશમાં ગોરંભાતા વાદળોને નિહાળીને રાજી-રાજી થાય છે... પરંતુ બે-ત્રણ કલાકમાં વાદળો વિખેરાય જાય છે... ક્યાંક થોડો પવન, ક્યાંક થોડો ઉકળાટ વેરતા જાય છે... વાદળો ઘેરાતા જ આકાશમાં અદભૂત નજારો સર્જાય છે... સૌની નજર ગોરંભાયેલા વાદળો તરફ મંડાય છે... વાદળોનું સૌંદર્ય સૌ પોત-પોતાની રીતે મુલવે છે... વરસાદ આવશે કે નહિ અને આવશે તો ક્યારે આવશે આ વિષય હવામાન વિભાગનો છે... પરંતુ સૌ પોત-પોતાની રીતે આગાહી તો કરી જ લે છે... ગાંધીનગરના ગગનનો અદભૂત નજારો મનને શાતા આપે છે...

# જિલ્લાનું ગુણોત્સવમાં નબળું પરિણામ

## ધો. ૨ થી ૫ના શૈક્ષણિક મૂલ્યાંકનમાં ગાંધીનગર જીલ્લો ૧૯મા સ્થાને તો ધો. ૬ થી ૮ના શૈક્ષણિક મૂલ્યાંકનમાં ૨૦મા સ્થાને

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાનું ગુણોત્સવ-૫ની તુલનામાં ગુણોત્સવ-૬નું પરિણામ સુધર્યુ હોવાના દાવા સાથે જિલ્લાએ ધો. ૨ થી ૫ના વાંચન-લેખન-ગણનમાં રાજ્યમાં ૧૬મું સ્થાન અને ધો. ૬ થી ૮ના વાંચન-લેખન-ગણનમાં ૨૧મુ સ્થાન મેળવતાં જિલ્લામાં ગુણવત્તાસભર પ્રાથમિક શિક્ષણ સામે પ્રશ્નાર્થો ઉભા થયા છે.

ગાંધીનગર જિલ્લાનો ગુણોત્સવમાં નબળો દેખાવની પરંપરા ગુણોત્સવ-૬માં પણ યથાવત રહેવા પામી છે. ધો. ૨ થી ૫માં પરિણામ સારૂ આવ્યુ છે. શૈક્ષણિક મૂલ્યાંકનમાં ૭.૨૨ ગુણાંક સાથે ગાંધીનગર જિલ્લો ૧૬મા ક્રમે આવ્યો છે. રાજ્યની સરેરાશ ૭.૨૪ ગુણની સામે જિલ્લાને સરેરાશ ૨ ગુણાંક જ ઓછા છે. જો કે ૨ થી ૫માં શિક્ષણનું ભારણ ઓછુ હોવાથી સારૂ પરિણામ મળ્યુ હોવાનું મનાઈ રહ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

# જીઆઈએસ મેપીંગમાં ચોંકાવનારી હકીકત

## આજે પણ રાજ્યમાં ૧૧-૧૨ના અભ્યાસ માટે વિદ્યાર્થીને ૭ કિ.મી.નું અંતર કાપવુ જ પડે છે

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાતમાં આજે પણ ધો. ૧૧ થી ૧૨ના અભ્યાસ માટે બાળકને ૭ કિ.મી.નું સરેરાશ અંતર કાપવું પડે છે.

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે જી.આઈ.એસ. મેપીંગ જે કરાવ્યું છે તેમાં આ ચોંકાવનારી હકીકત બહાર આવવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે ધો. ૧ થી ૫ ની શાળા ૧ કિ.મી.ના અંતરે ઉપલબ્ધ છે. જ્યારે ૬ થી ૮ માટે ૩ કિ.મી. દૂર અભ્યાસ કરવા માટે જવું પડે છે. જ્યારે ૮ થી ૧૦ના અભ્યાસ માટે ૫ કિ.મી. સરેરાશ અંતર વિદ્યાર્થીએ કાપવુ પડે છે.

ધો. ૧૧ થી ૧૨ના ઉચ્ચત્તર અભ્યાસ માટે ૭ કિ.મી.નું અંતર કાપીને જવુ પડે છે. રાજ્ય સરકારે ખાનગી શાળાઓ સહિત તમામ ૪૩,૧૭૬ શાળાઓને મેપીંગમાં આવરી લીધી છે.

રાજ્યમાં અસંતુલિત શૈક્ષણિક વિકાસ થયાની હકીકત આ મેપીંગમાં બહાર આવવા પામી છે. જો કે ઉપલબ્ધ શાળાઓમાં આંતર માળખાકીય સુવિધાઓમાં નોંધપાત્ર વધારો છેલ્લા ૧૨ વર્ષમાં થયો હોવાનું શિક્ષણ વિભાગના સૂત્રોએ દાવો કર્યો છે.

રાજ્યના શિક્ષણ વિભાગના સૂત્રોનો દાવો છે કે વર્ષ ૨૦૦૨ થી ૨૦૧૪ દરમ્યાન માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં ધો. ૯માં

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરના પરમ જાદવની સીબીએસસી ધોરણ-૧૦માં સિદ્ધિ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરની દિલ્હી પબ્લિક સ્કૂલ (ડીપીએસ કોબા) ખાતે અભ્યાસ કરતા પરમ વિક્રમસિંહ જાદવે સીબીએસસીની ધોરણ-૧૦ની પરિક્ષામાં તમામ વિષયોમાં એ-૧ ગ્રેડ પ્રાપ્ત કરી ઝળહળતી સફળતા મેળવી છે.



શહેરના સેક્ટર-૨માં નિવાસ કરતાં ગાંધીનગરના પૂર્વ મામલતદાર અને હાલમાં સરદાર સરોવર પુર્નવસવાટ એજન્સી, વડોદરા ખાતે નાયબ કલેક્ટર તરીકે ફરજ બજાવતા વિક્રમસિંહ જાદવના પુત્ર પરમ જાદવે ધો.૧૦માં ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી સમગ્ર શહેરમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. ડીપીએસ, કોબા ખાતે અભ્યાસ કરતા અતિ તેજસ્વી પરમ જાદવનો એઈમ્સ, દિલ્હીથી મેડિકલનો અભ્યાસ કરવો છે. આ ધ્યેયને પ્રાપ્ત કરવા તે દિવસ-રાત મહેનત કરી રહ્યો છે.

ડાયેટિશન માતા રૂપલબેન અને સરકારી અધિકારી પિતાના સહયોગથી પરમ જાદવે અભ્યાસ ઉપરાંત શાળાકીય ઈત્તર પ્રવૃત્તિઓમાં પણ શ્રેષ્ઠ દેખાવ કર્યો છે. શાળા સમય બાદ દરરોજ ૮ થી ૧૦ કલાકનું સઘન અભ્યાસ કરતાં પરમ નાનપણથી જ સેલ્ફ મોટીવેટેડ હોઈ કયારેક તેને અભ્યાસ બાબતે ટકોર કરવી પડી હોય તેવું બન્યું નથી.

# સામાન્ય પ્રવાહમાં જિલ્લાની ટોપર્સ નિશિતા ગોસ્વામીને કોમર્સના ડોકટર બનવુ છે

## સારા ગુણ મેળવવા માટે રિવીઝન વર્ક તેમજ પ્લાનીંગથી અભ્યાસ કરવો અનિવાર્ય : સી. એ. બની કંપનીની બેલેન્સ સીટને ફેર કરવી છે

ગાંધીનગર તા ૨૯

શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં માઉન્ટ કાર્મેલની વિદ્યાર્થીની નિશિતા ગોસ્વામીએ જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવ્યુ છે. જિલ્લામાં એક પણ વિદ્યાર્થીઓને એ વન ગ્રેડમાં સ્થાન મળ્યુ નથી. જયારે સૌથી વધુ ૬૨૩ ગુણ મેળવી પ્રથમ સ્થાન મેળવનાર નિશિતાએ કોમર્સના ડોકટર સી એ થવાની ખેવના વ્યકત કરી છે.



ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં જિલ્લામાંથી એકપણ વિદ્યાર્થીનો એ વન ગ્રેડમાં સમાવેશ થયો નથી. ત્યારે જિલ્લામાંથી એ ટુ ગ્રેડમાં ૭૬ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે. જયારે આ પૈકી શહેરની માઉન્ટ કાર્મેલ શાળાની વિદ્યાર્થીની નિશિતા ગોસ્વામીએ ૬૨૩ ગુણ મેળવી જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવ્યુ છે.નિશિતાએ ગુજરાતીમાં ૯૦ ઈકોનોમિકસમાં ૮૯,સ્ટેટમાં ૯૫,સેક્રેટરી પ્રેકટીસમાં ૯૦, અને અંગ્રેજીમાં ૭૨ ગુણ પ્રાપ્ત કર્યા છે. જો કે અંગ્રેજીમાં ખુબ જ ઓછા માર્ક આવ્યા હોવાનો અફસોસ પણ તેણીએ વ્યકત કર્યો છે. એ વન ગ્રેડ મેળવવાની અપેક્ષા સામે ધાર્યા કરતા ઓછુ પરિણામ આવ્યુ હોવાની નારાજગી પણ જતાવી હતી. ટોપર્સની યાદીમાં મોખરાનુ સ્થાન ધરાવતી તેજસ્વીનિએ સી એ કરવાની ખેવના છે. નિશિતાએ જણાંવ્યુ હતુ કે તેને કોમર્સના ડોકટર બની કંપનીની બેલેન્સ સીટને ટ્રુ અને ફેર કરવી છે.આર્ટ ઓફ મેનેજમેન્ટના માસ્ટર બનવુ છે. નિશિતાના પિતા રાજેશગીરી કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશનમાં કોન્ટ્રાકટર તરીકે કામ કરે છે. માતા જમિયતપુરા પ્રાથમિક શાળામાં શિક્ષિકા છે. અભ્યાસુ પ્રવૃતિ સિવાય નિશિતાને ડાન્સીંગ તેમજ ગરબા રમવાનો શોખ છે. સારા પરિણામ માટે રિવીઝન વર્ક તેમજ પ્લાનીંગથી અભ્યાસ કરવો અનિવાર્ય છે. પરિણામથી સંતોષ નથી માત્ર સાત ગુણ માટે એ વન ગ્રેડમાં સ્થાન મળ્યુ નથી.

# ગાંધીનગર આર ટી ઓ દ્વારા બાકી રહેતા પસંદગીના નંબરો માટે ૪ જુને હરાજી

ગાંધીનગર તા ૨૭

આર ટી ઓ કચેરી દ્વારા મોટરસાઈકલ કાર તેમજ ત્રણ પૈડાવાળા વાહનો માટે નવી સીરીઝને અનુલક્ષી પસંદગીના નંબરો મેળવવા માટે પુનઃ હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવશે.અરજદારોએ પોતાની અરજી તા ૩ જુન સુધીમાં પહોંચતી કરવાની રહેશે આગામી તા ૪ જુનના રોજ હરાજીની પ્રક્રીયા હાથ ધરાશે.

આર ટી ઓ કચેરી દ્વારા દ્વી ચક્રી વાહનોની જીજે ૧૮ સી એમ ,સી એલ અને સી એન ની સિરિઝમાં અને મોટર કારના બી એફ અને બી ઈની સીરીઝમાં બાકી રહેતા પસંદગીના નંબરો માટે ટુંકમાં પુન : હરાજી કરવામાં આવશે. આ દરમિયાન ટ્રાન્સપોર્ટના વાહનોમાં પણ સિલ્વર અને ગોલ્ડન કેટેગરીના પસંદગીના નંબરોની હરાજી હાથ ધરવામાં આવશે.અરજદારોને આગામી તા ૨ અને ૩ જુન સુધીમાં પોતાની અરજી કચેરીને પહોંચતી કરવાની રહેશે જયારે તા ૪ જુનના રોજ આર ટી ઓ કચેરીમાં હરાજીની પ્રક્રીયા હાથ ધરાશે.

# શહેરના મુખ્ય માર્ગોની સ્ટોર્મ વોટર લાઈનનુ કામ હાથ ધરાશે

## ચોમાસુ માથે છે ત્યારે જળબંબાકારની સ્થિતિને નિવારવા લાઈનની સફાઈ હાથ ધરાશે : સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈનની વ્યવસ્થાના નામે મીંડુ

ગાંધીનગર તા ૨૯

ચોમાસુ માથે છે. ત્યારે શહેરમાં વરસાદી સમસ્યાઓને ડામવા માટે તંત્ર દ્વારા આગોતરી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. શહેરમાં સ્ટોર્મ વોટર લાઈનના અભાવે આમ પણ સેકટરોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાય છે. ચોમાસા પુર્વે શહેરના મુખ્ય માર્ગોની વરસાદી પાણીની નિકાલની લાઈનની સફાઈ કરવા માટે ટુંકમાં કામ શરૂ કરી દેવાશે.

શહેરમાં વરસાદી પાણીના નિકાલ માટે સ્ટોર્મ વોટર લાઈનનુ કામ હજુ પણ અધ્ધરતાલ છે. તંત્ર દ્વારા બે વાર દરખાસ્ત કરવામાં આવી હોવાછતા હાલની સ્થિતિએ માત્ર સાત જ સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈન છે. બીજીતરફ સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી હાથ ધરવા માટે હાથ ધરાયેલી સર્વેની કામગીરી પણ પુર્ણ થઈ શકી નથી. આ માટે સરકારે ખર્ચેલા પૈસા પણ પાણીમાં ગયા હોવાનો સુર ઉઠવા પામ્યો છે. ચોમાસા દરમિયાન સેકટરોમાં નજર નાંખો ત્યાં જળબંબાકારની સ્થિતિ જોવા મળે છે. સેકટરોમાં વરસાદી પાણી ઉભરાતા ગંદકીની સાથે મચ્છરજન્ય રોગચાળો માથુ ઉંચકે છે. નગરને સ્માર્ટ સીટી બનાવાની વાતો થાય છે. ત્યારે શહેરમાં દાયકાઓના અંતે પણ વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા થઈ નથી. શહેરના મુખ્ય માર્ગો પર વરસાદી

● અનુસંધાન પાન-૭ પર

# ૨૦૧૭-૧૯ : ૧૬ વિધાનસભા અને લોકસભાની ચૂંટણી ‘મોદી’ અને ‘ગાંધી’નું ભવિષ્ય ઘડશે

ભારતના રાજકારણમાં ૨૦૧૭, ૨૦૧૮ અને ૨૦૧૯ એ ત્રણેય મહત્વના વર્ષો છે, કારણ કે આ વર્ષોમાં ચૂંટણીની ભરમાર છે. દેશના ૧૬ રાજ્યો અને લોકસભાની ચૂંટણી નક્કી થયેલી છે. ભારતના રાષ્ટ્રપતિની પણ ચૂંટણી થવાની છે. દિલ્હી, બિહાર પછી પાંચ રાજ્યોની ચૂંટણી પૂર્ણ થઈ છે પરંતુ નેતાઓને ચેન નથી. આવનારા ત્રણ વર્ષ ફરી પાછા ખાદીધારી વસ્ત્રો પહેરીને લોકોની વચ્ચે જવાનો સમય છે. ૨૦૧૭ માં ગુજરાત, ઉત્તરપ્રદેશ, હિમાચલ પ્રદેશ, પંજાબ, ઉત્તરાખંડ, ગોવા અને મણીપુરમાં ચૂંટણી છે જ્યારે ૨૦૧૮માં નાગાલેન્ડ, કર્ણાટકા, મેઘાલય, ત્રિપુરા, મિઝોરમ, રાજસ્થાન, છત્તીસગઢ અને મધ્યપ્રદેશમાં ચૂંટણી આવે છે. આ બધી ચૂંટણીઓ પૂરી થશે ત્યારે લોકસભા ૨૦૧૯ની ચૂંટણી આવશે અને તેની સાથે સાથે મહારાષ્ટ્રની વિધાનસભાની ચૂંટણી પણ આવી રહી છે.

*આ વખતે મોદી ચૂંટણીના સૂત્રધાર નથી...*

ગુજરાતમાં મોદીની હાજરી વિનાની પહેલી વિધાનસભા ચૂંટણી લગભગ ૧૬ વર્ષ પછી આવી રહી છે. આ ૧૬ વર્ષોમાં મોદીએ કોંગ્રેસને નામશેષ કરી દીધી છે. મોદીનો ટારગેટ ૧૦૦ થી વધુ બેઠકો અને કોંગ્રેસના મહારથીઓને હરાવવાનો રહ્યો છે, આમ છતાં છેલ્લી ત્રણ વિધાનસભા ૨૦૦૨, ૨૦૦૭ અને ૨૦૧૨માં કોંગ્રેસને ૫૦થી વધુ બેઠકો તો મળી છે. મોદીનો જાદુ હોવા છતાં આટલી સફળતા એ કોંગ્રેસનો પ્લસપોઈન્ટ રહ્યો છે. ભાજપે એન્ટી ઈન્કમબન્સી ફેક્ટર અને મોદીની હાજરી વિનાની ચૂંટણી એ બન્ને મહત્વની બાબતો સામે રાખવાની જરૂર છે. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ગુજરાતની પ્રજાએ ૨૬ માંથી ૨૬ બેઠકો આપીને જે રેકોર્ડ કર્યો છે તેનાથી ભાજપે ફુલાઈ જવાની જરૂર નથી, કારણ કે મોદી એ પ્રાઈમ મિનિસ્ટરના કેન્ડિડેટ હતા. એ મોદીની લડાઈ હતી અને મોદીની જીત હતી. એવું કહેવાય કે ૨૦૧૭માં મોદી મેજીક નથી તેથી ભાજપ સમજે તો સારૂં અને કોંગ્રેસ માને તો સારૂં...

*૫૦.૬૮૧ કરોડનો ખર્ચ પણ ખેતરો તરસ્યાં...*

ગુજરાતની બહુહેતુક નર્મદા યોજના પાછળ વિવિધ સરકારોએ અત્યાર સુધીમાં ૫૦૬૮૧ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે છતાં રાજ્યના ખેતરો હજી તરસ્યાં છે. આપણે પીવાનું પાણી ઉપલબ્ધ કરાવી શક્યા છીએ પરંતુ સિંચાઈનું પાણી હજી પહોંચાડી શક્યા નથી. પાણી નહીં પહોંચવાનું મુખ્ય કારણ શાખા, વિશાખા, પ્રશાખા અને પ્ર-પ્રશાખાની કેનાલોના કામો બાકી છે. શાખા કેનાલોના ૧૭૭ કિલોમીટરના કામો સહિત કુલ ૪૭૪૩૭ કિલોમીટરના કામો બાકી હોવાનું તારણ છે. સરકારે અત્યાર સુધીમાં માત્ર ૨૭૧૮૯ કિલોમીટરની કેનાલોના કામો કર્યા છે. આ કેનાલોના અભાવને કારણે ખેડૂતો મુખ્ય કેનાલમાંથી પાણીનો ઉપયોગ કરે છે પરંતુ સરકાર તેને ચોરી કહે છે.

*રાજ્યના ખેડૂતો જમીન કેમ વેચી રહ્યાં છે...*

ગુજરાતમાં ખેડૂતો જમીન કેમ વેચી રહ્યાં છે તેની પાછળનું મુખ્ય કારણ સિંચાઈના પાણીનો અભાવ છે. ઉદ્યોગોને ફાયદો થાય તે માટે સરકારે ૨૬૨૧૦ હેક્ટર જમીનમાં પાણી આપવાનું બંધ કરી તેને ડિ-કમાન્ડ કરી દીધી છે, પરિણામે ખેડૂતો ફળદ્રુપ જમીન વેચવા મજબૂર બન્યા છે. ઉદ્યોગપતિઓને મહામૂલી ખેતીની જમીન આપવા માટે સરકારે આ કારસો કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. છેલ્લા પાંચ વર્ષમાં નર્મદા, અમદાવાદ, વડોદરા, ગાંધીનગર, મહેસાણા, મોરબી અને પાટણમાં જમીનો ડિ-કમાન્ડ કરી દીધી છે. સૌથી વધુ ૨૩૭૫૪ હેક્ટર જમીન ડિ-કમાન્ડ કરી દેવામાં આવી છે. આ નિર્ણયથી કોને સીધો ફાયદો થાય છે તે સમજી શકાય છે.

## બેટી બચાવો, બેટી પઢાવો-ની જેમ બાળલગ્ન અટકાવોની ઝૂંબેશ કરો




*ટેકનોબેઝ ફર્મ માટે સ્ટાર્ટઅપ પોલિસી આવશે...*

ગુજરાત સરકાર તેની અલગ સ્ટાર્ટઅપ પોલિસી બનાવવા જઈ રહી છે. ટેકનોલોજી બેઈઝ સ્ટાર્ટઅપ પોલિસીમાં એવો અંદાજ રાખવામાં આવ્યો છે કે રાજ્યમાં ૨૦૦૦ જેટલા ઉદ્યોગ સાહસિકો તેનો લાભ લેશે. આ પોલિસીમાં ૧૦૦ ઈન્ક્યુબેટર્સ ડેવલપ કરવાની બાબતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને એક બિલિયન ડોલરનું વેન્ચર કેપિટલ રાખવામાં આવ્યું છે. ગુજરાત સરકારે ૨૦૧૫માં સ્ટાર્ટઅપ પોલિસી જાહેર કરી હતી જેમાં ઈન્ડસ્ટ્રીયલ ડિપાર્ટમેન્ટ અને મેન્યુફેક્ચરીંગ સેક્ટર ઉપર ફોક્સ રાખવામાં આવ્યું હતું. આ તેનાથી અલગ પોલિસી છે અને તેમાં સ્પેશ્યલ ફોક્સ ટેકનોલોજી પર રાખવામાં આવ્યું છે. રાજ્ય સરકાર ઓગષ્ટ મહિનામાં એક સમિટ કરવા જઈ રહી છે અને તેમાં ટેકનોલોજીનો વિષય રાખવામાં આવ્યો છે. આ સમિટમાં ૩૦૦૦ સ્ટાર્ટઅપ ફર્મ ભાગ લેશે. એ પહેલાં આ પોલિસી બહાર પાડવામાં આવનાર છે.

*બાળલગ્ન હજી પણ એક પડકાર છે...*

ગુજરાતમાં બાળલગ્નનું પ્રમાણ ઓછું થયું નથી. આ એક સમસ્યા છે. પડકાર છે. આંકડા સાફ છે કે ૨૦૦૩ થી ૨૦૧૧ સુધીના વર્ષોમાં ગુજરાતમાં ૧૮ વર્ષથી નીચેની વયના ૬.૪૯ બાળકોએ લગ્ન કર્યા છે જે પૈકી ૩૦ ટકા એટલે કે ૧.૯૮ લાખ શહેરી વિસ્તારના બાળકોએ લગ્ન કર્યા છે. ચાઈલ્ડ મેરેજ એક્ટ હોવા છતાં બાળલગ્નોનું પ્રમાણ ઓછું થતું નથી. ગુજરાતમાં બાળલગ્ન થતાં હોવાની ફરિયાદો ઓછી થાય છે અને જે થાય છે તેમાં જરૂરી પગલાં લેવામાં આવતા નથી. ૨૦૦૯ ખી ૨૦૧૪નો ડેટા જોઈએ તો આટલા વર્ષોમાં બાળલગ્નની ૬૫૯ ફરિયાદો થઈ હતી પરંતુ તે પૈકી માત્ર ૧૫ કેસમાં જ કોર્ટકેસ થયા છે. એક એવરેજ જોઈએ તો દરવર્ષે ૭૫૫૦૦ બાળલગ્નો ગુજરાતમાં થાય છે પણ કાયદો કોઈનું કંઈ બગાડી શકતો નથી. બેટી બચાવો, બેટી પઢાઓની જેમ હવે બાળલગ્ન અટકાવોની ઝૂંબેશ શરૂ કરવી પડે તેમ છે.

## ચાઈલ્ડ મેરેજ એક્ટ એ ‘સ્મોક ફ્રી સ્ટેટ’ અને ‘પ્લાસ્ટીક ફ્રી’ સ્ટેટ જેવો છે

*ક્યાં છે વાઈ-ફાઈ... લોકો સર્ચ કરીને થાક્યા...*

ગુજરાતમાં આવી રહેલી ચૂંટણી માટે અગાઉ ૨૦૧૨માં આપેલા વચનો પૂરાં કરવાનો સમય આવી ગયો છે. સરકારની મુખ્ય નબળાઈ એ છે કે યોજનાની જાહેરાત કરે છે પરંતુ પુરતું અમલીકરણ થઈ શકતું નથી. માત્ર પ્રતિકાત્મક જાહેરાત થતી હોય છે. ગુજરાતને વાઈ-ફાઈ કનેક્ટિવીટ આપવાનું વચન મોદીએ ૨૦૧૨ના મેનિફેસ્ટોમાં આપ્યું હતું પરંતુ હજી કોઈ ઠેકાણાં નથી. કેપિટલ સિટી ગાંધીનગર હજી પૂર્ણરૂપથી વાઈ-ફાઈ થઈ શક્યું નથી. ગાંધીનગરમાં વાઈ-ફાઈ પકડાય છે અને નથી પણ પકડાતું. પકડાય છે તે માત્ર ૩૦ મિનીટનો ઉપયોગ કરી શકે છે. પાસવર્ડ રાખીને વાઈફાઈ કરવાનો કોઈ મતલબ સરતો નથી અને સરકારને આ બેઝિક સ્થિતિનું જ ભાન નથી.

*પોલિસીનો લાભ માત્ર ૨૦ ટકાને જ મળે છે...*

ગુજરાત સરકારે પોલિસીઓ બનાવી છે પરંતુ તેના આધારે અમલીકરણ થતું નથી. કેટલીક પોલિસી પસંદગીના ઉદ્યોગોને લાભ થાય તે રીતે તેનું ઘડતર કરવામાં આવ્યું છે. કહે છે કે આનંદીબહેન પટેલની સરકારે બે વર્ષમાં દોઢ ડઝન પોલિસી બનાવી છે પરંતુ હકીકતમાં પોલિસીનો અમલ માત્ર ૨૦ ટકા થયો હોવાનું તારણ નિકળે છે. અધિકારીઓ અને કર્મચારીઓ પોલિસીને આધારે નિર્ણય લેતા નહીં હોવાની છાપ પણ ઉપસી આવી છે. સરકારને પોલિસી પેરેલિસિસ થયો છે. માત્ર જાહેરાત કરવાથી સ્માર્ટ સિટી કે વાઈફાઈ સિટી ઉભા થઈ જતાં નથી. તેના ઉપર સતત મોનિટરીંગ રાખવું પડે છે. પ્લાસ્ટીક ફ્રી ગુજરાતની જાહેરાત તો કરી પણ પ્લાસ્ટીકનો ઉપયોગ કરનારા લોકો સામે કેવી રીતે પગલાં ભરવામાં આવે છે તે સમજાતું નથી. તેના માટેનું મિકેનિઝમ ગોઠવાયું નથી.

## ૨૦૧૭માં મોદી મેજીક નથી, ભાજપ સમજે તો સારૂં, કોંગ્રેસ માને તો સારૂં

*સોલાર પોલિસી સામાન્ય લોકો માટે નથી...*

ગુજરાત સોલાર ઉર્જામાં દેશમાં પ્રથમનંબરે છે તેવા દાવા કરતી ભાજપની સરકારમાં સોલાર પોલિસી ફેઈલ થઈ રહી છે, કારણ કે આ પોલિસીમાં વીજ કંપનીઓને મહત્તમ ફાયદો કરાવી આપવામાં આવ્યો છે જ્યારે સામાન્ય ગ્રાહકોને ભારે નુકશાન છે. એક કિલોવોટની સિસ્ટમ માટે ૭૦,૦૦૦ રૂપિયાનો ખર્ચ થાય છે પરંતુ તેનાથી માત્ર લાઈટ, પંખા અને કોમ્પ્યુટર ચાલી શકે છે. જો ત્રણ કિલોવોટની સિસ્ટમ બેસાડવામાં આવે તો ૨.૧૦ લાખ રૂપિયાનો ખર્ચ થાય છે જેમાં માત્ર ૨૦,૦૦૦ રૂપિયાની સબસીડી મળે છે. અતિ મહત્વની બાબત એવી છે કે તમારી જરૂરિયાત પ્રમાણેની સોલાર વીજળી તમારા ટેરેસ પર પેદા કરો તો પોલિસી પ્રમાણે તમે માત્ર ૫૦ ટકા જ વીજળી વાપરી શકો છો, બાકીનો પાવર ટોરન્ટ કે ખાનગી વીજળી કંપની પાસેથી ફરજીયાત લેવાનો થાય છે. એટલે કે ઉર્જા મંત્રી સૌરભ પટેલે બનાવેલી સોલાર પોલિસી ટોરન્ટ જેવી કંપનીઓના દબાણ હેઠળ આવેલી છે. ખાનગી કંપનીઓને ભોગે સરકાર સામાન્ય વીજ ગ્રાહકો પર સૌથી મોટો બોજો લાદે છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com